ડ.૪/૧ (૦૧)

ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર્સ એજયુકેશન
માટે મહેકમ મંજુર કરવા અંગે.

ગુજરાત સરકાર;
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ ટીઈયુ-૨૬૧૦-૧૭૭૫-ખ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨૯.૭.૨૦૧૧

વંચાણે લીધાઃ-

૧. ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર એજયુકેશન, ગુજરાત એકટ, ૨૦૧૦.

૩. કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરીની સીંગલ ફાઈલ નં. ૧૦૩.

ઠરાવઃ-

રાજય સરકાર ધ્વારા ઉપર વંચાણે લીધેલ ક્રમાંકઃ ૧ પરના એકટથી ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર્સ એજયુકેશન ( ટીચર્સ યુનિવર્સિટી) ની રચના કરવામાં આવેલ છે. આ યુનિવર્સિટી ધ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૨૦૧૨થી કાર્યરત કરવા ઉપર વંચાણે લીધેલ ક્રમાંકઃ ૨ ની સીંગલ ફાઈલથી મહેકમ મંજુર કરવા કરેલ દરખાસ્તને ધ્યાને લઈ નીચે મુજબની કુલ : ૨૯ જગ્યાઓ મંજુર કરવામાં આવે છે. તેમજ તેની સામે જણાવેલ પગાર ધોરણ મુજબ ભરવા આથી નિમ્નોકત શરતોને આધીન સરકારશ્રીની મંજુરી આપવામાં આવે છે.

ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર્સ એજયુકેશન ( ટીચર્સ યુનિવર્સિટી) માટેની જગ્યાઓ.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | રજીસ્ટ્રાર | - | ૧૫૬૦૦-૩૯૧૦૦, પીબી-૩, ગ્રેડ પે - ૭૬૦૦ |
| ૨ | ચીફ એકાઉન્ટ ઓફીસર | ૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦, પીબી-૩, ગ્રેડ પે - ૬૬૦૦ |
| ૩ | એકાઉન્ટન્ટ/ ઓડીટર | ૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦, પીબી-૩, ગ્રેડ પે - ૬૬૦૦ |
| ૪ | કન્ટ્રોલર ઓફ એકઝામીનેશન્સ | ૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦, પીબી-૩, ગ્રેડ પે - ૫૪૦૦ |
| ૫ | આસી. રજીસ્ટ્રાર | ૩ | ૧૫૬૦૦-૩૯૧૦૦, પીબી-૩, ગ્રેડ પે - ૫૪૦૦ |
| ૬ | શારીરિક શિક્ષણ નિયામક | ૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦, પીબી-૩, ગ્રેડ પે - ૬૬૦૦ |
| ૭ | વિધાર્થી કલ્યાણ અધિકારી | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦ પીબી-૨ ગ્રેડ પે-૪૨૦૦ |
| ૮ | યુનિવર્સિટી ડેવલપમેન્ટ | ૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦, પીબી-૩, ગ્રેડ પે - ૬૬૦૦ |

| | | | |
|---|---|---|---|
| | ઓફીસર | | |
| | યુ.જી.સી. સેલ ડિપ્યુટી રજીસ્ટ્રાર ) | ૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦, પીબી-૩, ગ્રેડ પે - ૬૬૦૦ |
| ૧૦ | રજીસ્ટ્રેશન સેલ . ડિપ્યુટી રજીસ્ટ્રાર ) | ૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦, પીબી-૩, ગ્રેડ પે - ૬૬૦૦ |
| ૧૧ | લાયબ્રેરીયન | ૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦, પીબી-૩, ગ્રેડ પે - ૬૬૦૦ |
| ૧૨ | કમ્પુટેટર | ૧ | ૫૨૮૦-૨૦૨૦૦ પીબી-૧ ગ્રેડ પે-૨૮૦૦ |
| | | | ક્રમાંક - ૧૧ થી ૧૨ વર્ગ- ૩ ની જગ્યાઓ હોવાથી નાણાં વિભાગના તા. ૧૬.૨.૨૦૦૬ અને તા. ૨૯.૪.૨૦૧૦ ના ઠરાવ અન્વયે ફીકસ પગારથી ભરવાની રહેશે ત્યારબાદ નિયત સમય બાદ ઉપર જણાવ્યા મુજબના પગાર ધોરણમાં નિયુક્તિ આપવાની રહેશે. |
| | કુલ : | ૧૩ | |

ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન (ટીચર્સ યુનિવર્સિટી) ની ઓફીસ/પ્રુ... માટે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાં | પગાર ધોરણ |
|---|---|---|---|
| | શૈક્ષણિક જગ્યાઓ. | | |
| ૧ | આચાર્યશ્રી | ૧ | ૩૭૪૦૦-૬૭૦૦૦ પી.બી.-૩ ગ્રેડ પે- ૧૦,૦૦૦ |
| ૨ | આસી. પ્રોફેસર | ૭ | ૧૫૬૦૦-૩૯૧૦૦, પીબી-૩, ગ્રેડ પે - ૬૬૦૦ (6000) |
| | કુલ- | ૮ | |
| | વહીવટી સ્ટાફ | | |
| ૩ | ઓફીસ સુપ્રિટેન્ડન્ટ | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦ પીબી-૨ ગ્રેડ પે-૪૨૦૦ |
| ૪ | હેડકલાર્ક | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦ પીબી-૨ ગ્રેડ પે-૪૨૦૦ |
| ૫ | એકાઉન્ટન્ટ/ સીની.કલાર્ક | ૧ | ૫૨૦૦-૨૦૨૦૦ પીબી-૧ ગ્રેડ પે-૨૪૦૦ |
| ૬ | જુનીયર કલાર્ક | ૨ | ૫૨૦૦-૨૦૨૦૦ પીબી-૧ ગ્રેડ પે-૧૯૦૦ |
| | | | ક્રમાંક - ૫ થી ૬ વર્ગ- ૩ ની જગ્યાઓ હોવાથી નાણાં વિભાગના તા. ૧૬.૨.૨૦૦૬ અને તા. ૨૯.૪.૨૦૧૦ ના ઠરાવ અન્વયે. ફીકસ પગારથી ભરવાની રહેશે ત્યારબાદ નિયત સમય બાદ ઉપર જણાવ્યા મુજબના પગાર ધોરણમાં નિયુક્તિ આપવાની રહેશે. |
| | કુલ: | ૫ | |

હોસ્ટેલ માટેનો સ્ટાફ

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | ચીફ વોર્ડન | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦ પીબી-૨ ગ્રેડ પે-૪૨૦૦ |

| | | |
|---|---|---|
| ...ર્ડન બોઇઝ | ૧ | ૪૪૪૦-૭૪૪૦ IS ગ્રેડ પે-૧૩૦૦ |
| વોર્ડન લેડીઝ | ૧ | ૪૪૪૦-૭૪૪૦ IS ગ્રેડ પે-૧૩૦૦ |
| | | ક્રમાંક - ૧ થી ૩ વર્ગ- ૩ ની જગ્યાઓ નાણાં વિભાગના તા. ૧૬.૨.૨૦૦૬ અને તા. ૨૯.૪.૨૦૧૦ ના ઠરાવ અન્વયે ફીક્સ પગારથી ભરવાની રહેશે ત્યારબાદ નિયત સમય બાદ ઉપર જણાવ્યા મુજબના પગાર ધોરણમાં નિયુક્તિ આપવાની રહેશે. |
| કુલ | ૩ | |

...તો :-

યુનિવર્સિટીએ અત્યંત જરુરી હોય તેટલી જગ્યાઓ જ ભરવાની રહેશે.

સ્ટાફની ભરતી પારદર્શક ભરતી પ્રક્રિયા મારફત ભરતી કરવાની રહેશે.

વર્ગ- ૧ અને ૨ ની જગ્યાઓ પગાર ધોરણમાં જ્યારે વર્ગ- ૩ ની જગ્યાઓ રાજ્ય સરકારની તા. ૧૬.૨.૨૦૦૬ ની અને તા. ૨૯.૪.૨૦૧૦ ની ફીક્સ પગારની નીતિ અનુસાર ફીક્સ પગારના ધોરણે ભરવાની રહેશે. જ્યારે સામેલ પરિશિષ્ટ- અ મુજબની ૧૮ જગ્યાઓ આઉટ સોર્સીંગથી ભરવાની રહેશે.

યુનિવર્સિટી ધ્વારા કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી મારફત આ બાબતે મહેકમ અંગેની બાબતે જરુરી પુરક માગણી રજુ કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ યુનિવર્સિટીએ વિભાગના તા. ૩૦.૪.૨૦૧૧ ના ઠરાવ ક્ર: બજટ-૨૬૧૦-૨૨૧-ખ૧ થી કરવામાં આવેલ ચાલુ વર્ષ માટેની રૂ. ૧૨૦/- લાખની બજેટ જોગવાઈમાંથી કરવાનો અને આ ઠરાવમાં જણાવેલ સદરેથી મેળવવાનો અને ઉધારવાનો રહેશે.

આ હુકમો નાણાં વિભાગની તા. ૧૧.૭.૨૦૦૧૧ ની નોંધથી સમાનાંકી ફાઈલ પર મળેલ મંજુરીને આધીન કરવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.એચ.ખુમાર)
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

બીડાણ: પરિશિષ્ટ- અ (પાના આપેલ. ૦૭)

પ્રતિ,

- કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગાંધીનગર. UOR ફાઈલ સાથે
- રજીસ્ટ્રારશ્રી, ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન (ટીચર્સ યુનિવર્સિટી), ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ /અમદાવાદ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- લોકલ ફંડ નિયામકશ્રીની કચેરી, અમદાવાદ.
- પસંદગી ફાઈલ.